ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), વડોદરા હસ્તકના સંવર્ગોમાં સીધી ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓની જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટે દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક : ઇએસટી/૧૦૨૦/૮૪૩/૦૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪.૦૨.૨૦૨૨

**વંચાણે લીધા :**

(૧) વિભાગનો તા.૧૨.૦૩.૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૩.૧૨.૨૦૨૧ ના રોજ યોજાયેલ તજજ્ઞ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ.

**આમુખ :**

ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), વડોદરાની કચેરી હસ્તકના સીનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ – વર્ગ ૩, જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ – વર્ગ ૩, અને પ્રયોગશાળા મદદનીશ – વર્ગ ૩ સંવર્ગોની સીધી ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓની જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટે તા.૨૯.૦૧.૨૦૨૧ ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની બેઠકની ભલામણોના આધારે વંચાણે લીધેલ ક્રમ : (૧) સામેના આ વિભાગના ઠરાવથી દિવ્યાંગ્તાનો પ્રકાર નક્કી કરવામાં આવેલ હતો.

પરંતુ, તા.૨૯.૦૧.૨૦૨૧ ના રોજની બેઠકમાં નક્કી થયેલ દિવ્યાંગ્તાના પ્રકારના સ્થાને વંચાણે લીધેલ ક્રમ : (૨) સામેની કાર્યવાહી નોંધથી દિવ્યાંગ્તાનો પ્રકાર સુધારવામાં આવેલ છે, આથી તે મુજબની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને ઉક્ત સંવર્ગોની સીધી ભરતીમાં પાત્ર ગણવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમ (૨) સામે નિર્દિષ્ટ - તા.૨૩.૧૨.૨૦૨૧ ના રોજ યોજાયેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય મુજબ આ વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), વડોદરાની કચેરી હસ્તકના સીનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ – વર્ગ ૩, જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ – વર્ગ ૩, અને પ્રયોગશાળા મદદનીશ – વર્ગ ૩ સંવર્ગોની સીધી ભરતીમાં અત્રેના તા.૧૨.૦૩.૨૦૨૧ ના ઠરાવથી નક્કી થયેલ દિવ્યાંગતાના પ્રકારના સ્થાને હવે સંવર્ગવાર નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને સીધી ભરતી માટે પાત્ર ગણવાની આથી જોગવાઇ કરવામાં આવે છે.

(Continue...)

| જગ્યાનું નામ | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ સુધારેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|
| | A | B | C | D & E |
| સીની. સાયન્ટીફીક આસીસ્ટન્ટ : વર્ગ 3 | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |
| જુની. સાયન્ટીફીક આસીસ્ટન્ટ : વર્ગ 3 | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |
| પ્રયોગશાળા મદદનીશ : વર્ગ 3 | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |

Code and Functional Classification:

Low Vision **(LV)**, Deaf **(D)**, Hard of Hearing **(HH)**, One Arm **(OA)**, One Leg **(OL)**, Both Legs **(BL)**,

Cerebral Palsy **(CP)**, Leprosy Cured **(LC)**, Dwarfism **(Dw)**, Acid Attack Victim **(AAV)**,

Autism Spectrum Disorder **(ASD)** (**M** – Mild, **MoD** – Moderate),

Specific Learning Disability **(SLD)**, Mental Illness **(MI)**

Multiple Disabilities **(MD)** :- Disabilities included in group (A) to (D) **(40-70) %**

પ્રસ્તુત ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ :

(1) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), રેસકોર્સ, વડોદરા.

(2) સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. (પત્ર દ્વારા).

(Continue...)

**નકલ સવિનય રવાના :**

(1) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(2) સેક્શન અધિકારીશ્રી – ઇ ૩ શાખા, નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(3) સેક્શન અધિકારીશ્રી (M.I. CELL શાખા). (પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.)

(4) શાખા સિલેક્ટ ફાઇલ – વર્ષ ૨૦૨૨.

IT Cell